

સ્વામિશ્રીજી

# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા



## હે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ !

આપે તેજપુંજ... ઉપાસનાનો
પ્રત્યક્ષ પ્રગટને સ્વીકારી
યોગીબાપાને ધારી
રોમરોમ પધરાવી
જીવન સમર્પી
સૌનાં હૈયે સ્થાપી
સ્વામી શ્રીજીને રાજી કરી
સમગ્રે દિવ્યતા પ્રસારી
શાશ્વત સ્થાપી
દિગંતે ગુંજતી કરી.

**હે દયાળુ !**

આપ અમારા
યોગી અમારા
યોગીરૂપ સાહેબજી અમારા
તે આપે દૃઢ કરાવ્યું.
હવે
અમે સ્વામી શ્રીજીના
યોગીના... સાહેબના
તે ધબકારે
જીવતા કર્યા
તે ધબકાર
શાશ્વત કરો !
સ્થિર કરો !
આપના પ્રાગટ્ય મંગલે
આપનાં સર્વ ભૂલકાંઓની આ પ્રાર્થના છે !





## હે બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજ !

આપ શ્રીજીસ્વરૂપમાં એકાકાર, અદ્વૈતભાવે નિર્ગુણભાવ !
શ્રીજી પરબ્રહ્મ પુરુષોત્તમ અને અનાદિ અક્ષરબ્રહ્મ
બંને દેહથી જુદા; છતાં, અક્ષરપુરુષોત્તમ સ્વરૂપે એક !
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજમાં શ્રી અક્ષરપુરુષોત્તમ પ્રગટ
તે શાશ્વત સત્યનો સ્વીકાર કર્યો
તેના ચરણે સમર્પણ ધર્યાં !
તેઓને પ્રસન્ન કરવા જીવે
તે રૂપાંતરણને પામે
'સ્વ' ઓગળી જાય
બ્રહ્મસ્વરૂપ સ્થિતિ પામે
તેમાં પરબ્રહ્મ વિલસે
પારસથી પારસ બને

**હે દયાળુ, હે સ્વામી !**

આ સિદ્ધાંત
આજે બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ,
ગુરુદેવ યોગીજી મહારાજની કૃપા
તથા આપના અને બ્રહ્મસ્વરૂપો પરમ પૂજ્ય કાકાજી,
પરમ પૂજ્ય પપ્પાજીનાં જતન પ્રાર્થના અને આશીર્વાદથી
અનેક આત્માના અંતરે સ્થિર થયો.
સૌ ધન્ય થઈ ગયા, ન્યાલ થઈ ગયા.
આપના પ્રાગટ્ય મંગલે
આપને વંદન... અહોભાવ ધરીએ
અમને સાહેબજી સ્વરૂપમાં
શ્રી અક્ષરપુરુષોત્તમના તત્ત્વ સાક્ષાત્ મળ્યા છે.
સાહેબજીએ અમને દીક્ષિત કર્યા છે, સ્વીકાર્યા છે.
હવે સંકલ્પ છે, ગદ્ગદભાવે પ્રાર્થના છે ...
શ્રી અક્ષરપુરુષોત્તમના પ્રગટ સ્વરૂપ અમને પ્રાપ્ત
પ્રત્યક્ષ ગુરુહરિને રાજી કરવા,
આપના દિવ્ય કાર્યના વાહક બની રહીએ તે અભ્યર્થના !

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.